પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૩ | ૩ એપ્રિલ, ૨૦૧૮, મંગળવાર ; ચૈત્ર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભારત બંધ હિંસક બન્યું : સાતના મોત

## જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ : સુપ્રીમ કોર્ટના ચુકાદા સામેના વિરોધમાં દલિતો હિંસા ઉપર ઉતર્યા : પંજાબ સહિત કેટલાક રાજ્યોમાં સ્કુલ-કોલેજ અને વેપારી પેઢીઓ સંપૂર્ણપણે બંધ : પોલીસને ગોળીબાર કરવાની ફરજ, લાઠીચાર્જ








નવી દિલ્હી, તા. ૨

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (એસસી-એસટી) એક્ટ પર સુપ્રીમ કોર્ટના હાલના નિર્ણય સામેના વિરોધમાં આજે ભારત બંધ દરમ્યાન વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે ભારત બંધ હિંસક રહેતા અનેક જગ્યાઓ ઉપર હિંસા થઈ હતી. આ હિંસામાં ઓછામાં ઓછા ૯ લોકોના મોત થઈ ચુક્યા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. સાત રાજ્યોમાં સૌથી માઠી અસર જોવા મળી હતી. ભારત બંધ હિંસક બન્યા બાદ હિંસામાં છ લોકોના મોત થયા છે જે પૈકી મધ્ય પ્રદેશમાં પાંચ અને રાજસ્થાનમાં એક વ્યક્તિનું મોત થયું છે. ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસ્સામાં પણ વ્યાપક હિંસા થઈ છે. મધ્યપ્રદેશમાં હિંસા દરમ્યાન પાંચ લોકોના મોત થયા છે. રાજસ્થાનના અલવરમાં હિંસા દરમિયાન પોલીસ ગોળીબારમાં પવન કુમાર નામના વ્યક્તિનું મોત થયું છે. બીજી બાજુ મધ્યપ્રદેશના ગ્લાવિયર અને મુરૈનામાં ચાર લોકોના મોત થયા છે. કેટલાક વિસ્તારમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. હજુ સુધી ૪૯૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન ટ્રેનો રોકવામાં આવી હતી. વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. ચક્કાજામની સ્થિતિ સરજવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## તરત સુનાવણી કરવાનો ઈન્કાર

**ફેરવિચારણા અરજી પર સુનાવણી કરવા સુપ્રીમ સહમત અગાઉની સ્થિતિ માન્ય રાખવાની કેન્દ્ર તરફથી માંગ થઈ**

નવી દિલ્હી,તા. ૨

પોતાના નિર્ણયની સામે દેશભરમાં હિંસક વિરોધ પ્રદર્શનમાં પાંચ લોકોના મોત થઈ ગયા હોવા છતાં એસસી અને એસટી એક્ટ પર તરત સુનાવણી કરવાનો આજે ઈનકાર કરી દીધો હતો. કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને અગાઉની સ્થિતિને માન્ય રાખવા માટેનો આદેશ જારી કરવા અપીલ કરી હતી. જે હેઠળ એસસી-એસટી એક્ટ હેઠળ કોઈપણ અપરાધ બિન જામીનપાત્ર અપરાધની ક્ષેણીમાં ગણવામાં આવશે. ચીફ જસ્ટિસે તાકીદની સુનાવણી કરવાની માંગ કરતી અરજીને ધ્યાનમાં લીધી ન હતી અને કહ્યું હતું કે, આ મામલામાં તરત સુનાવણી થઈ શકશે નહી. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં આ એક્ટ હેઠળ તરત ધરપકડ ન કરવા માટેનો

● અનુસંધાન પાન-૭ પર

## સુપ્રીમનો ચુકાદો શું હતો

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (એસસી-એસટી) એક્ટ પર સુપ્રીમ કોર્ટના હાલના નિર્ણય સામેના વિરોધમાં આજે ભારત બંધ દરમ્યાન વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. સુપ્રીમ કોર્ટે ચુકાદો શું આપ્યો હતો અને દલિત સમાજના લોકો નારાજ કેમ થયા હતા તે અંગે માહિતી ખુબ ઓછા લોકો પાસે છે. પરંતુ સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો હતો તેની સામે દલિત સમુદાયના લોકો નારાજ હતા. સુપ્રીમ કોર્ટે એક અરજી પર સુનાવણી કરતી વેળા એસસી-એસટી એક્ટમાં તરત ધરપકડ ન કરવાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત એસસી-એસટી એક્ટ હેઠળ દાખલ કરવામાં આવેલા કેસોમાં વચગાળાની જામીન આપવાની મંજુરી આપી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ કાયદા હેઠળ દાખલ કરવામાં આવેલા મામલામાં ઓટોમેટીક ધરપકડના બદલે પોલીસને સાત દિવસની અંદર તપાસ કરવી જોઈએ અને ત્યાર બાદ પગલા લેવા જોઈએ એટલુ જ નહીં સુપ્રીમ કોર્ટે અમ પણ કહ્યું હતું કે, સરકારી અધિકારીની ધરપકડ એપોઈટિંગ ઓથોરિટીની મંજુરી વિના થઈ શકે નહીં. બિન સરકારી કર્મચારીની ધરપકડ માટે એસએસપીની મંજુરી લેવી પડશે.

## ઠેર ઠેર પ્રવાસી અટવાયા કાયદો વ્યવસ્થા ખોરવાઈ

### ટ્રેન અને બસ સેવા ઉપર પ્રતિકુળ અસર

નવી દિલ્હી, તા. ૨

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (એસસી-એસટી) એક્ટ પર સુપ્રીમ કોર્ટના હાલના નિર્ણય સામેના વિરોધમાં આજે ભારત બંધ દરમ્યાન વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. ભારત બંધ દરમિયાન વ્યાપક હિંસાના લીધે રાજસ્થાનની તરફ જતી મોટી સંખ્યામાં બસો અટવાઈ હતી. દિલ્હી, ઉદેપુર, જોધપુર અને અન્ય જગ્યાઓ ઉપર જતી બસો અટવાઈ હતી. મધ્ય પ્રદેશ અને પંજાબ, ઉત્તર પ્રદેશમાં પણ જુદા જુદા વિસ્તારોમાં જતી બસો અટવાઈ પડી હતી. બંધ દરમિયાન હિંસા ઉપર ઉતરેલા લોકોએ બસ ઉપર પથ્થરમારો પણ કર્યો હતો. ઘણી જગ્યા ઉપર લોકોને પથ્થરબાજીનો સામનો કરવો પડ્યો હતો. સાવચેતીના પગલારૂપે પરિવાહન સેવાઓ પંજાબ સહિત રાજ્યોમાં બંધ કરવાની ફરજ પડી હતી. જેથી જરૂરી કામ માટે નિર્ધારિત સ્થળ ઉપર પહોંચવા માટે ઈચ્છુ લોકો જુદી જુદી જગ્યા ઉપર અટવાઈ પડ્યા હતા અને તેમના કામ બગડ્યા હતા. બીજી બાજુ રાજ્ય સરકારોએ સાવચેતીના પગલા લીધા હતા. વધુ નુકસાન ન થાય તેવી ખાતરી કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જોકે, દલિત સમુદાયના લોકો હિંસા પર ઉતરી આવ્યા હતા. સૌથી વધારે અસર સાત રાજ્યોમાં જોવા મળી હતી. જેના લીધે આ રાજ્યોમાં બસ સેવા અને પરિવહનની અન્ય સેવાઓ ઠપ્પ થઈ ગઈ હતી. લોકોમાં અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં સૌથી માઠી અસર જોવા મળી હતી. વાહનોને જાહેર રસ્તા ઉપર રોકવામાં આવ્યા હતા અને ચક્કાજામની સ્થિતિ સર્જવામાં આવી હતી. બિહાર અને ઓરિસ્સામાં ટ્રેનોને રોકવામાં આવી હતી. બીજી બાજુ રેલ્વે ટ્રેક ઉપર વિરોધ કરનાર લોકો બેસી ગયા હતા જેથી ટ્રેન સેવાને પણ અસર થઈ હતી.

## ન્યુઝ ટ્રેક

### શક્તિસિંહ ગોહીલને બિહારની જવાબદારી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બિહાર કોંગ્રેસમાં મોટો ફેરફાર કર્યો છે. કોંગ્રેસ અધ્યક્ષે પ્રદેશ પ્રભારી પદેથી સી.પી. જોશીને હટાવી લઈ શક્તિસિંહ ગોહીલને આ જવાબદારી સોંપી છે.

### મહારાષ્ટ્રમાં હોસ્પિટલમાં આગ

મહારાટ્રના ઓરંગાબાદમાં માણિક હોસ્પિટલમાં આગ લાગી હતી. જો કે આગમાં કોઈ જાનહાની થઈ હોવાના અહેવાલ નથી.

### ૩૮ ભારતીયોના અવશેષો અમૃતસર પહોંચ્યા

આઈએસના આતંકવાદીઓના હાથે મૃત્યુ પામેલા ૩૮ ભારતીયોના અવશેષો ભારત લવાયા છે. વિદેશ રાજ્યમંત્રીએ આ અવશેષો લઈ અમૃતસર પહોંચ્યા હતા.

### ૫ ઇંચ બરફથી ઢંકાયુ યુ.કે.

બ્રિટનમાં હાલ ભારે બરફ અને મૂશળધાર વરસાદની સ્થિતિ છે. ઈસ્ટર વીકની ઉજવણી દરમ્યાન અહી ભારે બરફ વર્ષા થતાં જનજીવન અસ્તવ્યસ્ત થયુ છે.

### રેસ-૩માં સલમાનનો એક્શન અવતાર

રેસ-૩માં સુપરસ્ટાર સલમાનખાન, જેકલીન ફર્નાડિસ, અનિલકપૂર, ડેઝી શાહ, બોબી દેઓલ અને સાકિબ સલીમ ભૂમિકા ભજવી રહ્યા છે. સલમાનખાન આ ફિલ્મમાં એક્શન અવતારમાં જોવા મળશે.

### કુવૈતમાં બે બસ વચ્ચે અકસ્માત, સાત ભારતીયોના મોત

કુવૈતમાં બે બસ વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૧૫ના મોત નિપજ્યા છે દક્ષિણ કુવૈતમાં થયેલ આ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોમાં સાત ભારતીય નાગરિક છે કુવેત ફાયર સર્વિસ ડાયરેક્ટરે જણાવ્યું હતુ કે આ દુર્ઘટનામાં ચાર લોકો ઘવાયા છે માર્યા ગયેલા તમામ ૧૫ લોકો એક તેલ કંપનીના કર્મચારી હતા.

## ધોનીને પદ્મ ભૂષણનું સન્માન એનાયત કરાયું

### વર્લ્ડ કપ જીતવાના ૭ વર્ષ બાદ એજ દિવસે સન્માન ધોની રાષ્ટ્રપતિ ભવનમાં સેનાની ડ્રેસમાં પહોંચ્યો



નવી દિલ્હી,તા. ૨

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન મહેંદ્ર સિંહ ધોનીને આજે ભારતના ત્રીજા સૌથી મોટા નાગરિક સન્માન પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ધોનીને આ સન્માન રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આપતા ધોનીના સમર્થકો ખુશખુશાલ દેખાયા હતા. લેફ્ટિનેંટ કર્નલના માનદ પદથી સન્માનિત ધોની સેનાની ડ્રેસમાં પદ્મ ભૂષણ સન્માન લેવા રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા. રસપ્રદ બાબત એ છે કે ધોનીની કેપ્ટનશીપમાં સાત વર્ષ પહેલા આજની તારીખે જ એટલે કે ૨ એપ્રિલના દિવસે ભારતીય ક્રિકેટ ટીમે ૨૦૧૧માં શ્રીલંકાને હરાવીને વર્લ્ડકપ જીતી લેવામાં સફળતા મેળવી હતી. ધોનીને આજે આજ તારીખે પદ્મ ભૂષણ આપવામાં આવતા વધારે ખુશી રહી હતી. ધોની પહેલા દસ ક્રિકેટરો આ સન્માન મેળવી ચુક્યા છે. જેમાં સચિન તેંડુલકર, કપિલ દેવ, સુનીલ ગાવસ્કર, રાહુલ દ્રવિડ, ચંદુ બોર્ડે, ડીબી દેવધર, સીકે નાયડુ અને લાલા અમરનાથનો સમાવેશ થાય છે. બિલિયર્ડ્સ ખેલાડી પંકજ આડવાણીને પણ આ સન્માન મળી ચુક્યુ છે. ૨૦૧૧માં ટીમ ઈન્ડિયાએ સેમી ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી. જ્યાં શ્રીલંકા સામે તેની ટક્કર થઈ હતી.

## વિડિયોકોન લોન મુદ્દે સીબીઆઈ ચંદા કોચરની પૂછપરછ કરશે



ન્યુ દિલ્હી,તા. ૨

આઈસીઆઈસીઆઈ-વીડિયોકોન લોન બાબતમાં હવે સીબીઆઈ ચંદા કોચર સાથે પૂછપરછ કરશે. જણાવવામાં આવી રહ્યું છે કે, આ બાબતમાં સીબીઆઈ લોન પ્રૂક્યામાં સામેલ બધા જ અધિકારીઓના નિવેદન પહેલા જ નિવેદન લઈ ચૂકી છે. કહેવામાં આવી રહ્યું છે કે, જપ્ત કરવામાં આવેલા દસ્તાવેજોની તપાસ બાદ સીબીઆઈને લાગી રહ્યું છે કે, લોનની મંજૂરી ઉપરથી મળી હતી. તે ઉપરાંત એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, આ માટે કેટલાક નિયમોનો પણ ઉંઘન કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં હવે ઈડીએ પણ ઝંપલાવ્યું છે અને તપાસ શરૂ કરી દીધી છે. ઈડીએ સીબીઆઈ પાસે જરૂરી દસ્તાવેજો માગ્યા છે અને તે મુજબ હવે પોતાના એન્ગલથી આ મહાકૌભાંડમાં તપાસ કરી રહી છે અને તેમાં પણ મોટા ભોપાળા નીકળવાની શક્યતા દેખાઈ રહી છે. ઈડીના અધિકારીઓ ગઈકાલથી જ કામે લાગી ગયા છે.

આ પહેલા વીડિયોકોન લોન બાબતમાં સીબીઆઈ શુક્રવારે ચંદા કોચરના પતિ દીપક કોચર વિરુદ્ધ એક્શન લઈને પ્રાથમિક તપાસ શરુ કરી દીધી છે. ચંદા કોચર પર પતિના દોસ્તની કંપનીને લોન આપવાનો આરોપ છે. પ્રાથમિક તપાસમાં આ વાતની તપાસ કરવામાં આવશે કે, દીપર કોચર અને તેમના બે સંબંધીઓની કંપનીને વીડિયોકોન સમૂહના વેણૂગોપાલ ધૂતે કેટલી લાંચ આપી. આરોપ છે કે, વીડિયોકોન સમૂહને આઈસીઆઈસીઆઈ બેંકથી આપવામાં આવેલ લોનની લેવડ-દેવડ ગુપ્ત રીતે કરવામાં આવી હતી. ઉલ્લેખનિય છે કે, આઈસીઆઈસીઆઈ બેંક અને વીડિયોકોન ગ્રુપના રોકાણકાર અરવિંદ ગુપ્તાએ ચંદા કોચર પર આરોપ લગાવ્યો છે કે, કોચરે વીડિયોકોનને કુલ ૪૦૦૦ કરોડ રુપિયાની લોન મંજૂર કરવા બદલ ખોટી રીતે વ્યિક્તગત લાભ લીધો છે.

## હાથી, સાઈકલ અને પંજો ૪૦ વર્ષ પછી એક થશે

### હાથી અને સાઈકલ સામે ઈંદિરાએ હાથના પંજાની પસંદગી કરી હતી

ન્યુ દિલ્હી,તા. ૨

હાથી અને સાયકલના ચૂંટણીપ્રતીક સામે ઈંદિરા ગાંધીએ પક્ષના ચૂંટણીપ્રતીક તરીકે હાથના પંજાની પસંદગી કરી હતી ત્યારે કોઈ કલ્પના પણ નહીં કરી હોય કે ૪૦ વર્ષ બાદ આ ત્રણે એકમેક સાથે હાથ મિલાવશે.

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પક્ષ અને બહુજન સમાજવાદી પક્ષના જોડાણની વહેતી થયેલી વાતો વચ્ચે હાથના ખુલ્લા પંજાની ચૂંટણીપ્રતીક તરીકે ઈંદિરા ગાધીએ કરેલી પસંદગીનો નવાં પુસ્તકમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સમાજવાદી પક્ષનું ચૂંટણીપ્રતીક સાઈકલ તો બહુજન સમાજવાદી પક્ષનું ચૂંટણીપ્રતીક હાથી છે.

ઉત્તર પ્રદેશમાં છેલ્લે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસે સમાજવાદી પક્ષ સાથે જોડાણ કર્યું હતું. વર્ષ ૧૯૭૮માં કોંગ્રેસમાં ફૂટ પડ્યા બાદ ભૂતપૂર્વ વડાં પ્રધાન ઈંદિરા ગાંધીએ પક્ષના ચૂંટણીપ્રતીક તરીકે હાથના પંજાની પસંદગી કરી હતી.

લોકસભામાં પક્ષના ૧૫૩ સભ્યમાંથી ૭૬ સભ્યનો ટેકો ગુમાવ્યા બાદ તેમણે રચેલા નવા રાજકીય પક્ષ કોંગ્રેસ (આઈ)-ઈંદિરા કોંગ્રેસે ગાય અને વાછરડાંનું ચૂંટણી પ્રતીક પણ જતું કરવું પડ્યું હતું. જૂનાં ચૂંટણીપ્રતીકથી છૂટકારો મેળવીને ઈંદિરા ગાંધીએ હાશકારો મેળવ્યો હોવાનું રાજકીય પત્રકાર રાશિદ કિડવાઈના પુસ્તક નબેલટ-ટેન એપિસોડસ ધેટ હેવ શેપ્ડ ઈન્ડિયાસ ડેમોક્રેસીથ નામનાં પુસ્તકમાં જણાવવામાં આવ્યું હતું.

પુસ્તકમાં જણાવ્યાનુસાર ગાય અને વાછરડાંનાં ચૂંટણી પ્રતીકને દેશભરનાં લોકોએ વખોડી કાઢ્યું હતું.

SWIGGY FOOD DELIVERY APP ફુડ ડિલિવરી
WALK IN INTERVIEW Gandhinagar & Ahmedabad
03 April to 8 April • સવારે ૯ થી સાંજે ૬
લેડીઝ / જેન્ટસ માટે નોકરીની ઉત્તમ તક
જોઈએ છે ફુલ / પાર્ટટાઈમ
ફુડ ડિલિવરી એક્ઝીક્યુટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે) ₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
માસિક વેતન ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • સાયકલ - ટુ વ્હીલર આધાર • એન્ડ્રોઈડ મોબાઈલ • પાનકાર્ડ જરૂરી
SWIGGY SNO Office to એ/૪૩૨ - ૪૩૪, ચોથો માળ. સુપર મોલ-૧, ઈન્ફોસીટી કોમ્પલેક્ષ, સેકટર-૧, ગાંધીનગર
બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265

## જેટલીએ કેજરીવાલની માફી સ્વીકારી

### આજે બંન્ને અરજી પર કોર્ટમાં સુનાવણી થશે : જેટલી શરૂમાં કેજરીવાલને માફ કરવા ઈચ્છુક હતા નહીં



નવી દિલ્હી,તા. ૨

કેન્દ્રીય નાણા મંત્રી અરૂણ જેટલીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની માફીને સ્વીકારી લીધી છે. અપરાધિક માનહાનિના મામલામાં સમાધાનની ઈચ્છાથી બંન્ને તરફથી સોમવારના દિવસે દિલ્હીની કોર્ટમાં સંયુક્ત અરજી દાખલ કરવામાં આવી હતી. મંગળવારના દિવસે અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. અત્રે નોંધનીય છે કે, જેટલીએ કેજરીવાલની સામે કોર્ટમાં અપરાધિક માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. અગાઉ એવી અટકળો હતી કે અરવિંદ કેજરીવાલની માફી બાદ પણ જેટલી તેમને માફી આપવાના મુડમા ન હતા. કેજરીવાલ સામેનો કેસ જેટલી પર લેશે નહી તેમ માનવામાં આવી રહ્યું હતું. પરંતુ બંન્ને નેતાઓ તરફથી દાખલ કરવામાં આવેલી સંયુક્ત અરજીથી આ પ્રકારની અટકળોનો અંત આવી ગયો છે. જેટલીએ કેજરીવાલની માફીમાં કોઈ નવી વાત કરી નથી. કારણ કે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ પહેલાથી જ માનહાનિના કેટલાક કેસોમાં માફી માંગી ચુકયા છે. કેજરીવાલે જેટલીને લખેલા પત્રમાં માફી માંગતી વેળાએ કહ્યું હતું કે, ડીડીસીએના પ્રમુખ તરીકેના ગાળાને લઈને ૨૦૧૫માં જે આક્ષેપો મુકવામાં આવ્યા હતા તે આક્ષેપો તેમને ખાનગી રીતે કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય